સુવિચાર : સુવિચારોની સામાજિક અસર એટલા માટે દેખાતી નથી કારણ કે એ વાંચનાર ને એમ જ છે કે તે બીજા માટે લખાયા છે - ફેસબુક




આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬૮ | ૧૮ મે, ૨૦૧૫, સોમવાર ; વૈશાખ વદ - ०)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરમાં અગનવર્ષા : પારો ૪૪.૫ ડીગ્રી

## છેલ્લા ૫ વર્ષની રેકર્ડબ્રેક ગરમીથી નગરજનો ભટ્ઠીમાં શેકાયા : આકાશમાંથી અગનગોળા વરસ્યા માર્ગો પર સન્નાટો છવાયોઃ રજાનો દિવસ હોવાથી નગરજનો ઘરમાં પુરાયેલા રહયા : હીટવેવના લીધે જનઆરાગ્ય સામે ખતરો : અંગ દઝાડતી ગરમીથી જનજીવન પ્રભાવિત : વર્ષ ૨૦૧૦માં ૨૧ મેં ના રોજ ગરમીનો પારો ૪૬ ડીગ્રીએ પહોચી ગયો હતો

ગાંધીનગર તા ૧૭

શહેરમાં આજે ગરમીએ કાળોકેર વર્તાવ્યો હતો.ગરમીનો પારો દાઢ ડીગ્રી વધતા શહેરીજનોએ વિકરાળ ગરમી અનુભવી હતી. દિવસનું મહત્તમ તાપમાન ૪૪.૫ ડીગ્રી નોંધાયું હતું. ગરમીની અસરના લીધે દિવસ દરમિયાન શહેરમાં કરફર્યુ જેવું વાતાવરણ સર્જાયું હતું. આકાશમાંથી વરસતી અગ્નજવાળાએ નગરજનોને ગરમીથી બેચેન કરી દીધા હતા.છેલ્લા ૫ વર્ષમાં આજે રેકર્ડબ્રેક ગરમી નોંધાઇ હતી. અગાઉ વર્ષ ૨૦૧૦માં ૨૧ મેંના રોજ ગરમીનો પારો ૪૬ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. જયારે આજે ગરમીના તીખા તેવરથી જનજીવનમાં પણ અનોખો સુનકાર જોવા મળ્યો હતો. રજાના દિવસે ગરમીએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આખો દિવસ શહેરમાં સન્નાટો રહયો હતો. ગરમીથી બચવા નગરજનો ઘરમાં પુરાયેલા રહયા હતા. આગ ઓકતી ગરમીથી દિવસના અસહય લૂંફૂંકાતા નગરમાં ખાલીપો જોવા મળ્યો હતો.

સમગ્ર રાજયમાં આક્રમક ગરમીનું મોજું ફરી વળ્યું છે. વાતાવરણ પલ્ટા બાદ ગરમીએ માંથું ઉંચકતા છેલ્લા ત્રણ દિવસથી લગાતાર ગરમીનો પારો ઉંચો આવી રહયો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૩.૨ ડીગ્રી નોંધાતા નગરજનોએ આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. આક્રમક ગરમીની અસરથી હવામાન વિભાગ દ્વારા પણ હીટવેવની ચેતવણીની સાથે કેટલાક ભાગોમાં હીટએલર્ટ જાહેર કર્યું છે. આવા સંજોગોમાં આજે ગરમીના પારાએ ફરી દોટ લગાવી હતી. જેના લીધે આજે મહત્તમ તાપમાન ૪૪.૫ ડીગ્રી નોંધાયું હતું. છેલ્લા પાંચ વર્ષની રેકર્ડબ્રેક ગરમીનો અનુભવ નગરજનોએ કર્યો હતો. સવારથી જ આકરી ગરમીની અસર વર્તાવાનું શરૂ થઇ ગયું હતું બપોર થતાં જ દિવસનો તાપ અસહય બનતા નાગરિકો ઘરમાં પુરાઇ ગયા હતા. જો કે આજે રજાનો દિવસ હોવાથી કર્મચારીઓને આકરી ગરમીમાં થોડી રાહત રહી હતી. જયારે આકરી ગરમી અને રજાના લીધે શહેરમાં દિવસ દરમિયાન સુનકાર છવાયેલો જોવા મળ્યો હતો. આકાશમાંથી અગ્નજવાળા વરસતા વિકરાળ ગરમીએ જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું હતું. શહેરના મુખ્યમાર્ગો ઉપરાંત સેકટરોની શેરીઓમાં પણ ખાલીપો જોવા મળ્યો

● અનુસંધાન પાન-૭ પર

### હજુ ૪૮ કલાક હિટવેવ યથાવત રહેશે : હવામાન ખાતુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરનું તાપમાન આજે હોવુ જોઈએ તેના કરતાં ત્રણ ડિગ્રી જેટલુ વધુ નોંધાતાં તેની અસરો જનજીવન પર પડી છે. જો કે હજુ વધુ ૪૮ કલાક સુધી આ હિટવેવ યથાવત્ રહેશે તેવી આગાહી હવામાન ખાતાએ કરી છે.

આજે નગરમાં નોંધાયેલુ લઘુત્તમ તાપમાન પણ રાજ્યમાં બીજા ક્રમનું છે. ૨૮.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાતાં રાત્રીના સમયે પણ ગરમીમાં ઘટાડો બહુ જોવા મળ્યો ન હતો. ગરમીને કારણે પાણીનો સોસ ખુબ જ પડી રહ્યાનું નાગરિકોએ જણાવ્યું છે.

ગાંધીનગરમાં આ વખતે ગરમીનો પારો જે રીતે ઉંચકાયો છે અને જે રીતે હવામાનમાં સતત બદલાવ આવી રહ્યા છે તેનાથી લોકો ચિંતીત જોવા મળી રહ્યા છે.

ગાંધીનગરમાં આજે ગરમી જે નોંધાઈ છે તેની અસર નગરજનો ઉપરાંત પ્રકૃતિ પર પણ જોવા મળી છે. પક્ષીઓનો કલરવ પણ આજે ઓછો જણાયો હતો. બપોરના ૧૨ વાગ્યા પછી તો નગરના મુખ્ય માર્ગો સુમસામ બની જવા પામ્યા હતા.





(તસવીર : દિપક જાની)

# રાજ્યભરમાં હીટવેવ યથાવત

## રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૪થી ઉપર પહોંચ્યો છે : રસ્તાઓ સુમસામ બન્યા

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ સહિત રાજયના અનેક વિસ્તારોમાં હિટવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે જેના પરિણામ સ્વરુપે પારો સતત વધી રહ્યો છે. ગઈકાલની સરખામણીમાં આજે પારો વધુ ઉપર પહોંચ્યો હતો. ગરમીના રૌદ્ર સ્વરુપથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. અમદાવાદમાં ગરમીના પ્રમાણમાં ગઈકાલની સરખામણીમાં આજે વધુ વધારો થયો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન વધીને ૪૪.૬ સુધી પહોંચી ગયો છે જ્યારે કંડલા એરપોર્ટ ઉપર સૌથી વધુ ૪૪.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આજે રાજયના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૪થી ઉપર હતો. જેમાં ગાંધીનગરમાં ૪૪.૫, ઈડર ૪૪.૨, વડોદરામાં ૪૪.૫, અમરેલીમાં ૪૪.૨, સુરેન્દ્રનગરમાં ૪૪ અને કંડલા એરપોર્ટ ઉપર ૪૪.૭ સુધી પારો પહોંચ્યો હતો. હવામાન વિભાગ તરફથી આગામી બે દિવસ સુધી હિટવેવ રહેવાની વાત કરવામાં આવી છે. જેથી લોકોને હાલ કોઈ રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. આવતીકાલે અમદાવામાં મહત્તમ તાપમાન ૪૪ની આસપાસ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. આજે રવિવાર હોવાના કારણે મોટાભાગે

● અનુસંધાન પાન-૭ પર



# મુખ્યમંત્રીએ ચાઈનાના તાઈન્જીનમાં હે(Haihe) શૈક્ષણિક પાર્કની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ચીન પ્રવાસના તેમના ત્રીજા દિવસે તાઈજીનમાં હે(Haihe) શૈક્ષણિક પાર્કની મુલાકાત લીધી હતી.

આ મુલાકત વેળાએ મુખ્યમંત્રી અને ગુજરાત પ્રતિનિધિ મંડળ સાથે તાઈન્જીનના વાઈસ મેયર સુશ્રી કાઓ જિઆઓહોગે ઉપસ્થિત રહી શૈક્ષણિક પાર્કની ગતિવિધિઓ અને ભાવિ આયોજનોની વિસ્તૃત વિગતો આપી હતી.

શ્રીમતી આનંદીબહેન પટેલે ચીનમાં સ્કીલ ડેવલપમેન્ટ એજયુકેશન ક્ષેત્રે થયેલી ઉદ્દીપક પ્રગતિની સરાહના કરતા ગુજરાત ચાયના વચ્ચે સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રમાં આપસી સહભાગીતા અંગે વિચાર વિમર્શ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વાઈસ મેયર સાથે આ સંદર્ભે ચર્ચા વિચારણામાં કહ્યું કે ભારતમાં ધોરણ-૯-૧૦ પછી કોઈ પણ કારણોસર અભ્યાસ છોડી દેનારા વિદ્યાર્થીઓનો સ્કીલ ડેવલપમેન્ટ કાર્યક્રમ હેઠળ ચોકકસ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં પહેલીથી કંટ્રોલ રૂમ કાર્યરત થશે

## દરેક તાલુકાનો અલગ અલગ વિલેજ ડિઝાસ્ટર પ્લાન સાથે બનાવવા તંત્રને કલેક્ટરની તાકીદ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં ૧લી જુનથી તાલુકા કક્ષાએ કંટ્રોલરૂમો શરૂ કરી દેવાની સૂચના જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે ડિઝાસ્ટર મેનેજમેન્ટની ગઈકાલે બોલાવેલી બેઠકમાં આપી છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ એક સપ્તાહમાં વિલેજ લેવલ પ્લાન તેમજ તાલુકા લેવલ પ્લાનને આખરી કરી રજુ કરવા માટે કડક તાકીદ કરતાં જણાવ્યુ છે કે કંટ્રોલરૂમ શરૂ કરવા ઉપરાંત રેઈનગેજના સાધનો પણ ચકાસી અને બગડ્યા હોય તો તાત્કાલિક દુરસ્ત કરાવી તેનો અહેવાલ આપવો.

તેમણે તંત્રના અધિકારીઓને કાંસની સફાઈ પણ ઝડપથી પૂર્ણ કરવા માટે જણાવ્યુ છે. જિલ્લા કલેક્ટરશ્રીએ વિદ્યુત વિભાગને પણ વીજપુરવઠો ખોરવાય નહિ તે માટે પુરતી તકેદારી રાખવામાં આવે તેમજ ટ્રીપીંગની ઘટનાઓ ઓછી બને તે જોવા પણ જણાવ્યુ છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યુ છે કે જિલ્લાના તમામ દવાખાનાઓમાં પુરતો દવાનો જથ્થો ઉપલબ્ધ કરાવવો, આ ઉપરાંત પુરવઠા વિભાગને પણ નદી કિનારાના ગામોમાં અનાજ-કેરોસીનનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે તે રીતે વ્યવસ્થા કરવા જણાવ્યુ છે.

જર્જરિત મકાનો અને વૃક્ષોને અલગ તારવવા તેમજ જર્જરિત મકાનો ઉતારી લેવા માટેની કાર્યવાહી કરવી. આ ઉપરાંત આ ભયસૂચક મકાન છે તેવી ચેતવણી આપતા બોર્ડ પણ મુકવા જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં નદી કિનારાના ગામોમાં કોઈ હોનારત ઉભી ના થાય તે માટે વિશેષ કાળજી રાખવા ઉપરાંત બચાવ માટે તરવૈયાઓની યાદી બનાવવા પણ જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાનો ડિઝાસ્ટર પ્લાન તાલુકાઓના પ્લાન આપતાં જ તૈયાર કરી દેવાશે. આગામી સપ્તાહમાં સંપૂર્ણ કામગીરી સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા માટે જણાવાયુ છે.

### ગાંધીનગરમાં ૧૬ કંટ્રોલરૂમ ચોમાસામાં કાર્યરત થશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં જ આગામી ચોમાસાને લઈ ૧૬ જેટલા કંટ્રોલ રૂમો કાર્યરત ૧લી જુનથી થઈ જશે.

આ કંટ્રોલરૂમો ૨૪X૭ ચાલશે. આ માટે કર્મચારીઓને ત્રણ અલગ-અલગ શિફ્ટમાં ડ્યુટી સોંપવામાં આવશે. ચાર મહિના સુધી આ કંટ્રોલરૂમો કાર્યરત રહેશે.

વન વિભાગ, સિંચાઈ વિભાગ, માર્ગ-મકાન વિભાગ, મહેસુલ વિભાગ, આરોગ્ય વિભાગ સહિતના વિભાગો દ્વારા આ કંટ્રોલરૂમો શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત આ બધાજ કંટ્રોલરૂમ માટે અલાયદા ટેલિફોન પણ હશે.

ગાંધીનગરમાં સૌથી મોટા વહીવટીય સંકુલ એવા સચિવાલયમાં જ ૧૦ જેટલા કંટ્રોલ રૂમ કાર્યરત થશે. આરોગ્ય વિભાગ અને માર્ગ-મકાનના કંટ્રોલરૂમ સચિવાલય સિવાયના સંકુલોમાં કાર્યરત હશે. આ ઉપરાંત જિલ્લાનો ડિઝાસ્ટર કંટ્રોલરૂમ, પંચાયતનો કંટ્રોલરૂમ પણ કાર્યરત થશે.

### ક્યા કેટલું તાપમાન

| | |
|---|---|
| કંડલા એરપોર્ટ | ૪૪.૭ |
| અમદાવાદ | ૪૪.૬ |
| ગાંધીનગર | ૪૪.૫ |
| વડોદરા | ૪૪.૫ |
| ડિસા | ૪૪.૨ |
| ઈડર | ૪૪.૨ |
| અમરેલી | ૪૪.૨ |
| સુરેન્દ્રનગર | ૪૪.૦ |
| રાજકોટ | ૪૩.૭ |
| ભુજ | ૪૨.૨ |
| ભાવનગર | ૪૨.૧ |
| કંડલાપોર્ટ | ૩૯.૯ |
| મહુવા | ૩૮.૮ |
| નલિયા | ૩૮.૦ |
| વલસાડ | ૩૬.૬ |
| સુરત | ૩૪.૭ |

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧




ઊર્જા સભાન આધુનિક નારી બનો
સમાજમાં આગવી ઓળખ બનાવો

ક્લાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર અને ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના સંયુક્ત ઉપક્રમે **તારીખ : ૨૫ મે, ૨૦૧૫ને સોમવારના રોજ સવારે ૧૦-૩૦ થી ૧૩-૩૦ સુધી, ઝ્રઈઈ્ ઓડિટોરીયમ, ઝ્રઈઈ્ વિદ્યામંદિર, સેક્ટર-૧૨, ગાંધીનગર** ખાતે **મહિલાઓ માટે અર્ધદિવસીય ઊર્જા સંરક્ષણ જાગૃતિ કાર્યશિબિર**નું આયોજન કરવામાં આવ્યું છે.

ઊર્જાશાણા સમાજના નિર્માણમાં સહભાગી બનવા કાર્યશિબિરમાં જરૂરથી પધારશો. રસ ધરાવતી બહેનોએ **તા. ૨૨/૫/૨૦૧૫** સુધીમાં પોતાના નામની નોંધણી કરાવી દેવાની રહેશે. નામ નોંધણી માટેની ફી રાખવામાં આવેલ નથી. સંખ્યા મર્યાદિત હોવાના કારણે કાર્યશિબિરમાં ભાગ લેવા અગાઉથી નોંધણી કરાવવી જરૂરી છે. વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધણી ફોન પર અથવા રૂબરૂ કરવામાં આવશે.

**આધુનિક નારી : ઊર્જાસભાન ને શાણી**

GEDA

સંપર્ક : આસીસ્ટન્ટ પ્રોજેક્ટ એકઝીક્યુટીવ,
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
ચોથો માળ, બ્લોક નં. ૧૧ અને ૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન નં. (૧) ૦૭૯-૨૩૨ ૫૭૨૬૬, (૨) ૦૭૯-૨૩૨ ૫૭૨૫૧-૫૩
માહિતી/૩૭૮/૨૦૧૫-૧૬